ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

તા.૧૨/૧૧/૨૦૨૨.

# કોંગ્રેસ ૧૨૫ બેઠકો મેળવી ગુજરાતમાં સરકાર બનાવશે :શ્રી અશોક ગેહલોત

## ગુજરાતની જનતાની સુખાકારી અને સમૃદ્ધિ માટે કોંગ્રેસ પક્ષની કટિબદ્ધતાનું પ્રતીક એવું 'જન ઘોષણાપત્ર' રાજસ્થાનનાં મુખ્યમંત્રીશ્રી અશોક ગેહલોતજીનાં હસ્તે જાહેર કરાયું.

ગુજરાતની જનતાની સુખાકારી અને સમૃદ્ધિ માટે કોંગ્રેસ પક્ષની કટિબદ્ધતાનું પ્રતીક એવું 'જન ઘોષણાપત્ર'નું ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પાલડી રાજીવ ગાંધી ભવન ખાતે વિમોચન કરતા રાજસ્થાનનાં યશસ્વી મુખ્યમંત્રી અને ગુજરાત કોંગ્રેસનાં સિનિયર નિરીક્ષકશ્રી આદરણીય અશોક ગેહલોતજીએ જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી દ્વાર તૈયાર કરવામાં આવેલ 'જન ઘોષણા પત્ર' એ કોંગ્રેસનું માટે ન્યાય પત્ર છે. કોંગ્રેસ ૧૨૫ બેઠકો મેળવી ગુજરાતમાં સરકાર બનાવશે. ચૂંટણી જીત્યા પછી પણ મેનીફેસ્ટો પ્રમાણે કામ કરવું જોઈએ. ઘણી રાજકીય પાર્ટીઓ ઘોષણાપત્ર પ્રમાણે કામ કરતી નથી પરંતુ કોંગ્રેસ પક્ષ આદરણીય રાહુલ ગાંધીજીનાં માર્ગદર્શનને અનુસરીને ગુજરાતની પ્રજાનો અભિપ્રાય લઇ ઘોષણા પત્ર જાહેર થાય અને તેના પર સંપૂર્ણપણે અમલ થાય તે સુનિશ્ચિત કરશે. જન ઘોષણપત્ર માટે લગભગ ૬૫ લાખ લોકો સાથે પ્રત્યક્ષ-પરોક્ષ, ઓનલાઇન ઓફલાઈન અભિપ્રાય લઇ આરોગ્ય, રોજગાર, મોંઘવારી સહિતના ૧૯ જેટલા મૂળભૂત મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે.ભાજપ સરકારનું ગુડ ગવર્નન્સ ક્યાં દેખાતું નથી.ગુજરાતનાં મોરબીમાં પુલ તૂટી જવાની અત્યંત દુઃખદ ઘટનાની નિષ્પક્ષ અને તટસ્થ તાપસ નિવૃત્ત કે સીટીંગ ન્યાયાધીશની દેખરેખ હેઠળ થાય એમાં ભાજપને શું વાંધો છે? દેશની પરંપરા રહી છે કે એક વાર શીલાન્યાસ કે નામકરણ થયા બાદ તેનુ નામ બદલાતુ નથી પરંતુ ભાજપે માત્ર નામો બદલાવાની નીતિ રાખી છે જે યોગ્ય નથી. પ્રધાનમંત્રી પોતાના નામનું સ્ટેડિયમ બનાવે તેનો કોઈને વાંધો નથી પરંતુ પૂજ્ય સરદાર સાહેબનું નામ કેમ કાઢી નાખવાના આવ્યું? ગુજરાતમાં કોંગ્રેસ સરકારની પ્રથમ કેબિનેટમાં જ નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નામ બદલીને પુનઃ પૂજ્ય સરદાર સાહેબનું નામ પ્રસ્થાપિત કરાશે. હિમાચલમાંથી આપ પાર્ટી ચૂંટણીમાંથી ભાગી રહી છે ગુજરાતમાં પણ આપ પાર્ટી ભાજપની 'બી ટીમ' તરીકે કામ કરી રહી છે.

રાજીવ ગાંધી ભવન ખાતેથી 'જનઘોષણા પત્ર ૨૦૨૨ બનશે જનતાની સરકાર' નામથી મેનિફેસ્ટો જાહેર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે મેનિફેસ્ટોમાં આદરણીય રાહુલ ગાંધીનાં માર્ગદર્શનથી ૮ વચનો સાથે ખેડૂતાનો દેવા માફ કરવા, રૂ. ૫૦૦માં ગેસ સિલિન્ડર આપવા, લોકોને ૩૦૦ યુનિટ સુધી વીજળી ફ્રી આપવી, જૂની પેંશન યોજના રદ કરવી, ૩૦૦૦ સરકારી અંગ્રેજી માધ્યમની શાળાઓ સહિતના સંકલ્પોને આવરી લેવામાં આવ્યા છે. કોંગ્રેસ પક્ષનાં આગેવાન, કાર્યકરો, સ્થાનિક નેતાઓએ 'જન ઘોષણાપત્ર' માટે પ્રજા સાથે ચર્ચા કરી તેમન સૂચનોને આધારે તૈયાર મેનિફેસ્ટો બનવાવનું કામ કર્યું છે. ગુજરાત કોંગ્રેસનું 'જન ઘોષણાપત્ર'એ ગુજરાતની જનતાનો અવાજ છે. ગુજરાતમાં કોંગ્રેસ પક્ષ દિવસે દિવસે સત્તા તરફ આગળ થઈ રહી છે.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિનાં પૂર્વ મહામંત્રી અને ગુજરાત કોંગ્રેસ ચૂંટણી ૨૦૨૨ મેનિફેસટો કમિટીનાં અધ્યક્ષશ્રી દિપક બાબારીયાજીએ જણાવ્યું હતું કે ગુજરાત કોંગ્રેસ જનઘોષણાપત્ર માટે જનસંપર્ક કરવા ૩૩ જિલ્લાઓ અને ૧૮૨ વિધાનસભાને આવરી

લેવા ઓનલાઈન-ઓફલાઈન, સોશિયલ મીડિયાનાં સહિત જુદા જુદા માધ્યમોનો ઉપયોગ કરાયો હતો. ૪૩૦૦થી વધુ ગામડાઓમાં સંવાદ કાર્યક્રમ યોજી ૧.૨૫ લાખ ફીડબેક-સૂચનો મેળવ્યા હતા. ઓનલાઈન સંવાદ માટે ૪૫૦થી વધુ ઝૂમ મીટિંગ કરવામાં આવી. જનસંપર્ક માટે કોંગ્રેસ પક્ષ દ્વારા ટાઇનહોલ મીટિંગ, વિધાનસભા મિટિંગ, સામાજિક અગ્રણીઓ, પ્રોફેશનલ્સ સાથે સંવાદ, વિવિધ ગ્રૂપ, એસોસિએશન અને યુનિયાનો સાથે ૧૮૩૨૫થી વધુ ઇમેઇલ ૧૦૦૦ થી વધુ સૂચન પત્રો,૧૨૦૦૦થી વધુનાં ઇન્ટરવ્યૂ કરી વાર્તાલાપ-સંવાદ કર્યો હતો.  ઘોષણા પત્ર નાં મુદ્દાઓમાં પ્રત્યેક ગુજરાતીને ૧૦ લાખ સુધીની મફત સારવાર કરાવવાની જવાબદારી, દવાઓ વિનામૂલ્યે આપવામાં આવશે, ખેડૂતોનું ૩ લાખ સુધીનું દેવું માફ, વીજળી બિલ માફ, સામાન્ય વીજ વપરાશકારોને ૩૦૦ યુનિટ સુધી વીજળી મફત,    ગુજરાતમાં ૧૦ લાખ સરકારી નોકરીઓમાં યુવાનોની ભરતી કરવામાં આવશે, ૫૦ ટકા નોકરીઓ ઉપર મહિલાઓનો અધિકાર રહેશે, સરકારી નોકરીઓમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિ નાબૂદ થશે, બેરોજગાર યુવાનોને પ્રતિમાસ ૩૦૦૦રૂપિયાનું બેરોજગારી ભથ્થું આપવામાં આવશે, દૂધ ઉત્પાદકોને દરેક લિટરે ૫ રૂપિયાની સબસીડી આપવામાં આવશે, ગેસ સિલિન્ડર ૫૦૦ રૂપિયામાં આપવામાં આવશે, ગુજરાતમાં ૩૦૦૦ સરકારી અંગ્રેજી માધ્યમની શાળાઓ ખોલવામાં આવશે, દીકરીઓ માટે KG થી PG સુધીનું  શિક્ષણ મફત આપવામાં આવશે, ૪ લાખ રૂપિયાનું કોવિડ વળતર આપવામાં આવશે. છેલ્લા ૨૭ વર્ષમાં જે જે ભ્રસ્ટ્રાચારો થયા છે તેની સ્ક્રૂટીની થશે, ભ્રષ્ટ્રાચાર વિરુદ્ધ કાયદો લાવવામાં આવશે અને ગુનેગારોને જેલમાં નાખવામાં આવશે, જૂની પેન્શન યોજના ગુજરાતમાં લાગુ, મનરેગાની યોજનાની જેમ શહેરી રોજગાર ગેરંટી યોજના, કુપોષણ નાથવા અને ગરીબ વર્ગના લોકોને પૌષસ્ટિક ભોજન મળી રહે તે માટે ઇન્દિરા રસોઈ યોજના લાગુ કરાશે.

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨નાં અનુસંધાને રાજીવ ગાંધી ભવન ખાતે 'જન ઘોષણાપત્ર બનશે જનતાની સરકાર' વિમોચન કાર્યક્રમમાં  ગુજરાત સંગઠન પ્રભારી અને રાજસ્થાનનાં પૂર્વ યશસ્વી આરોગ્યમંત્રી ડૉ. રઘુ શર્મા, એઆઇસીસીનાં વરિષ્ઠ નેતા બી કે હરિપ્રસાદજી, શ્રી કે એમ મુનિયપ્પા, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મીડિયા પબ્લિસિટી ડિપાર્ટમેન્ટ ચેરમેનશ્રી પવન ખેરા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, શ્રી અર્જુન મોઢવાડીયા, શ્રી સિધ્ધાર્થ પટેલ, શ્રી અમિત ચાવડા, રાજ્યસભાના સાંસદ સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલ, ડૉ. અમીબેન યાજ્ઞિક, કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા અને
ચૂંટણી મીડિયા પ્રભારીશ્રી આલોક શર્મા, પૂર્વ સાંસદ અને વરિષ્ઠ નેતાશ્રી મધુસુદન મિસ્ત્રી, એઆઇસીઆઈના મંત્રીશ્રી સોનલબેન પટેલ, શ્રી ઉષાબેન નાયડુ, શ્રી રામકીશન ઓઝા, શ્રી બી એમ સંદીપ, શ્રી વીરેન્દ્રસિંહ રાઠોડ, પ્રદેશ કાર્યકારી પ્રમુખશ્રી ઇન્દ્રવીજયસિંહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષનાં ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, ધારાસભ્યશ્રી ઇમરાન ખેડાવાલા, મેનિફેસ્ટો કમિટીનાં કન્વીનર અને પ્રવક્તા ડૉ.મનીષ દોશી, મેનિફેસ્ટોનાં સહ-કન્વીનરશ્રી એહસાન શેખ, શ્રી રજનીકાંત કડ, ઉપપ્રમુખશ્રી જીતુ પટેલ, શ્રી બિમલ શાહ, શ્રી ખુરશીદ સૈયદ, શ્રી પંકજ પટેલ, પ્રદેશના, ઓબીસી ડિપાર્ટમેન્ટનાં અધ્યક્ષશ્રી ઘનશ્યામ ગઢવી, એસી ડિપાર્ટમેન્ટનાં અધ્યક્ષશ્રી હિતેન્દ્ર પીઠડીયા, કોકન્વીનર-પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, પ્રદેશ પ્રવક્તાશ્રી હિરેન બેંકર ડો.અમિત નાયક, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં કોંગ્રેસ પક્ષનાં નેતાશ્રી શેહઝાદ ખાન પઠાણ સહિત રાષ્ટ્રીય તેમજ પ્રદેશનાં આગેવાન-નેતાઓ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હિરેન બેંકર
પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ
9723550355